પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૪૫ | ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૧, શુક્રવાર; મહા સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મોદી સ્ટેડિયમ પર ભારતનો ભવ્ય વિજય

## અક્ષર-અશ્વિનના કમાલથી ભારતનો ૧૦ વિકેટે વિજય : સ્પિનર્સ સામે ભારત-ઈંગ્લેન્ડના બેટસમેન્સ ઢેર

અમદાવાદ, તા. ૨૫

અક્ષર પટેલ અને રવીચંદ્રન અશ્વિની વેધક બોલિંગ સામે પ્રવાસી ઈંગ્લેન્ડની ટીમે ઘૂંટણ ટેકવી દેતાં ભારતે ત્રીજી ટેસ્ટ મેચમાં ૧૦ વિકેટથી ભવ્ય વિજય મેળવ્યો છે. ભારતે ૪૯ રનના વિજય માટેના પડકારને એક પણ વિકેટ ગુમાવ્યા વિના પાર કર્યો હતો. રોહિત શર્મા ૨૫ અને શુભમન ગિલ ૧૫ રને અણનમ રહ્યા હતા. મેચ રમતના બીજા દિવસે જ પુરી થઈ ગઈ હતી. આ સાથે ભારતે ટેસ્ટ શ્રેણીમાં ૨-૧થી સરસાઈ મેળવી લીધી છે. છેલ્લી ટેસ્ટ પણ અમદાવાદમાં જ રમાવાની છે.

અક્ષર પટેલ અને રવિચંદ્રન અશ્વિનના તરખાટ સામે ઈંગ્લેન્ડના બેટ્સમેનોએ બીજા દાવમાં પણ હથિયાર હેઠા મૂકી દેતા ભારત સામે ત્રીજી ટેસ્ટ ક્રિકેટ મેચ જીતવા માટે ૪૯ રનનો લક્ષ્યાંક આવ્યો છે. અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ રહેલી ડે-નાઈટ ટેસ્ટના બીજા દિવસે ગુરૂવારે ઈંગ્લેન્ડ બીજા દાવમાં ફક્ત ૮૧ રનમાં આઉટ થઈ ગયું હતું. જેમાં અક્ષર પટેલે પાંચ તથા અશ્વિને ચાર વિકેટ ઝડપી હતી એક વિકેટ વોશિંગ્ટન સુંદરના ફાળે ગઈ હતી. અશ્વિને આ મેચમાં ૪૦૦ વિકેટ ઝડપવાની સિદ્ધિ નોંધાવી હતી.







બીજા દિવસે ભારતને ૧૪૫ રનમા આઉટ કર્યા બાદ ઈંગ્લેન્ડને રાહત થઈ હતી કેમ કે યજમાન ટીમ ૩૩ રનની સરસાઈ મેળવી શકી હતી. જોકે, બીજા દાવમાં પણ ઈંગ્લેન્ડના બેટ્સમેનો અક્ષર પટેલ અને રવિચંદ્રન અશ્વિનની સ્પિન જાળમાં ફસાઈ ગયા હતા. અક્ષર પટેલે ઈંગ્લેન્ડના બીજા દાવની પ્રથમ ઓવરના પ્રથમ બોલ પર જ ઝેક ક્રાઉલીને બોલ્ડ કર્યો હતો. ત્યારબાદ આ જ ઓવરમાં જોની બેરસ્ટોને પણ ખાતુ ખોલાવ્યા વગર પેવેલિયન ભેગો કર્યો હતો. પ્રથમ ઓવરથી જ ઈંગ્લેન્ડના ધબડકાની શરૂઆત થઈ ગઈ હતી.

ઈંગ્લેન્ડ માટે ફક્ત ત્રણ બેટ્સમેનો જ ત્રણ આંકડાનો સ્કોર નોંધાવી શક્યા હતા. જેમાં કેપ્ટન જો રૂટે ૧૯, બેન સ્ટોક્સે ૨૫ અને

● અનુસંધાન પાન-૭ પર

# સોશિયલ મીડિયા-ઓટીટી પ્લેટફોર્મ પર ગાળિયો કસાયો

**સોશિયલ મીડિયા-ઓટીટી ગાઇડલાઇન જાહેર : મહિલાઓની માન-મર્યાદાની સાથે ચેડાની ફરિયાદ થાય તો ૨૪ કલાકમાં કન્ટેન્ટ ડિલીટ કરવું પડશે : નવા દિશા નિર્દેશો જલદી લાગુ કરી દેવાશે**

નવી દિલ્હી, ૨૫

કેંદ્ર સરકારે આજે સોશિયલ મીડિયા અને ઓવર ધ ટોપ (ઓટીટી) પ્લેટફોર્મ માટે ગાઈડલાઈન્સ બહાર પાડી છે. કેંદ્રીય મંત્રી પ્રકાશ જાવડેકર અને રવિશંકર પ્રસાદે બપોરે પ્રેસ કોન્ફરન્સ કરીને નવા નિયમોની જાહેરાત કરી છે. નવી ગાઈડલાઈન્સ હેઠળ ફેસબુક અને ટ્વિટર જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ તેમજ નેટફ્લિક્સ, અમેઝોન પ્રાઈમ, હોટસ્ટાર જેવા ઓટીટી પ્લેટફોર્મ્સ આવશે. જાવડેકરે અગાઉ કહ્યું હતુ કે, આ સંદર્ભે નવા દિશાનિર્દેશો તૈયાર કરી દેવાયા છે અને જલદી જ લાગુ કરાશે.

રવિશંકર પ્રસાદે કહ્યું, સોશિયલ મીડિયા કંપનીઓનું ભારતમાં બિઝનેસ કરવા માટે સ્વાગત છે. અમે તેમને આવકારીએ છીએ, તેઓ વેપાર કરે અને રૂપિયા કમાય. તેમણે કહ્યું સરકાર અસહમતિના અધિકારનું સન્માન કરે છે પરંતુ આ અત્યંત જરૂરી છે કે યૂઝર્સને સોશિયલ મીડિયાના દુરુપયોગ અંગે સવાલ ઉઠાવવા માટેનો મંચ પૂરો પાડવામાં આવે. પ્રસાદે કહ્યું, અમારી પાસે ઘણી ફરિયાદો આવે છે કે સોશિયલ મીડિયા પર તસવીરો મોર્ફ કરીને શેર કરવામાં આવે છે. આતંકી પ્રવૃત્તિઓ માટે તેનો ઉપયોગ થાય છે. પ્રસાદે કહ્યું કે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સનો દુરુપયોગ મસાલા સિવિલ સોસાયટીથી લઈને સંસદ અને સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો છે.

બીજી તરફ ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ અસોસિએશન ઓફ ઈન્ડિયા (આઈએએમએઆઈ)એ કેંદ્ર સરકારને અપીલ કરી છે કે તેઓ ઓટીટી પ્લેટફોર્મ્સને નિયંત્રિત કરતાં પહેલા સ્ટેકહોલ્ડર્સ સાથે વાતચીત કરવાની અપીલ કરી છે. આખી દુનિયામાં નેટફ્લિક્સ, પ્રાઈમ અને હોટસ્ટાર સહિત ઓછામાં ઓછા ૪૦ ઓટીટી પ્લેટફોર્મ છે. કેંદ્ર સરકારે ગયા

● અનુસંધાન પાન-૭ પર

# બેન્કોમાં માર્ચ મહિનામાં ૧૧ દિવસ જાહેર રજા રહેશે

નવી દિલ્હી,તા. ૨૫

માર્ચ મહિનામાં નાણાકીય વર્ષનો છેલ્લો મહિનો હોય છે. આ મહિનામાં સામાન્ય રીતે બેંકો સાથે જોડાયેલું કામકાજ ઘણે અંશે વધી જાય છે. આપને જણાવી દઈએ કે આ વર્ષે માર્ચ મહિનામાં ૧૧ દિવસ બેંકો બંધ રહેશે. એવામાં જો તમે આપના કોઈ બેકિંગ કામ માટે બ્રાન્ચમાં જઈ રહ્યા છો તો કયા દિવસે બેક્રો બંધ રહેવાની છે તેની મહિતી લઈ લેજો. રિઝર્વ બેક્રના દિશા-નિર્દેશો મુજબ દેશમાં કાર્યરત બેક્ર રવિવાર ઉપરાંત મહિનાના બીજા અને ચોથા શનિવારે બંધ રહે છે. સાથોસાથ માર્ચમાં કેટલીક વધારાની રજાઓ પણ છે અને સ્થાનિક તહેવારો પણ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ઈલેક્ટ્રિક સ્કૂટર પર ઓફિસ જઈ મમતાએ વિરોધ કર્યો

**બંગાળના મુખ્યમંત્રીએ ઈ સ્કૂટર ઉપર મુખ્યમંત્રી કાર્યલાય જઈ રહ્યા હોવાનો એક વીડિયો પણ ટ્વિટર પર પોસ્ટ કર્યો**



કોલકાતા, તા. ૨૫

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પેટ્રોલ-ડિઝલના વધતા ભાવનો અનોખી રીતે વિરોધ કર્યો છે. મમતા બેનરજી ગુરુવારે કારના કાફલામાં નિકળવાને બદલે ઈલેક્ટ્રિક સ્કૂટર પર મુખ્યમંત્રી કાર્યાલય પહોંચ્યા હતા. તેમનું સ્કૂટર મંત્રી ફિરહાદ હકીમ ચલાવી રહ્યા હતા અને સીએમ મમતા બેનરજી પાછળની સીટ પર બેઠા હતા. મમતા બેનરજીએ ઈ સ્કૂટર પર સીએમ કાર્યલાય જઈ રહ્યા હોવાનો એક વીડિયો પણ ટ્વિટર પર પોસ્ટ કર્યો હતો. મમતા બેનરજી સ્કૂટરની પાછળની સીટ પર હેલ્મેટ પહેરીને બેઠા હતા અને તેઓએ મોંઢા પર માસ્ક પણ પહેર્યું હતું. મમતાએ પોતાના ગાળામાં એક મોટું પ્લેકાર્ડ લગાવી રાખ્યું હતુ જેમાં અંગ્રેજીમાં લખ્યું હતું, તમારા મોઢામાં શું છે? પેટ્રોલની કિંમતમાં ભાવ વધારો, ડિઝલનો ભાવ વધારો અને ગેસનો ભાવ વધારો.

મમતા સ્કૂટર પર સીએમ કાર્યલાયે પહોંચ્યા તેનો સમગ્ર વીડિયો સોશિયલ મીડિયા પર લાઈવ પ્રસારિત કરાયો હતો. તેમણે વધી રહેલી ઈંધણની કિંમતોનો વિરોધ કરવા આ અનોખો રસ્તો અપનાવ્યો હતો. ચાલુ વર્ષે પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે અને આ મહિને પેટ્રોલના ભાવ રૂ.૧૦૦ પ્રતિ લિટરને પાર પહોંચી ગયો છે.

# GSTના સરળીકરણ માટે આજે ભારત બંધનું એલાન

**વેપારીઓ દેશભરમાં ૧૫૦૦ જગ્યાએ ધરણાં-વિરોધ પ્રદર્શન કરશે : સીએઆઇટીના ભારત બંધમાં ૮ કરોડ વેપારીઓ જોડાશે, બજારો બંધ રાખી કરશે ચક્કાજામ, સવારે ૬ થી સાંજના ૮ વાગ્યાની વચ્ચે ટ્રાન્સપોર્ટ પ્રતિબંધિત**

ન્યુ દિલ્હી,તા.૨૫

૨૬ જાન્યુઆરીએ જીએસટીના વિરોધમાં સમગ્ર ભારતમાં બજારો બંધ રહેશે. વેપારી સંગઠન સીએઆઈટીએ ગુરુવારે જણાવ્યુ



કે વસ્તુ તેમજ સેવા કર (જીએસટી) વ્યવસ્થાની જોગવાઈની સમીક્ષાની માંગ હેઠળ દેશભરના બધા વાણિજ્યિક બજાર ૨૬ ફેબ્રુઆરીએ બંધ રહેશે. કન્ફેડરેશન ઑફ ઑલ ઈન્ડિયા ટ્રેડર્સએ કહ્યુ કે કેન્દ્ર (રાજ્ય) અને જીએસટી પરિષદે જીએસટીની વિધિવત જોગવાઈને યથાવત રાખવાની માંગ કરીને ૧૫૦૦ જગ્યાઓએ દેશભરમાં ધરણા (વિરોધ પ્રદર્શન) કરવામાં આવશે. સીએઆઈટીએ જીએસટી પ્રણાસીની સમીક્ષા અને વેપારીઓ દ્વારા સરળ અનુપાલન માટે તેને સરળ અને તર્કસંગત બનાવવા માટે તેના ટેક્સ સ્લેબની પણ માંગ કરી.

એક પ્રેસ કૉન્ફરન્સને સંબોધિત કરીને સીએઆઈટીના મહાસચિવ પ્રવીણ ખંડેલવાલે કહ્યુ કે આ મુદ્દે સરકાર સાથે પણ વાત કરી રહ્યા છે. તેમણે કહ્યુ કે અખિલ ભારતીય ટ્રાન્સપોર્ટ વેલફેર એસોસિએશન પણ સીએઆઈટીના ભારત બંધનુ સમર્થન કરશે અને

**જીએસટીની સમીક્ષા અને વેપારીઓ દ્વારા સરળ અનુપાલન માટે તેને સરળ અને તર્કસંગત બનાવવા માટે ટેક્સ સ્લેબની માંગ કરાઇ**

૨૬ ફેબ્રુઆરીએ ચક્કાજામ આયોજિત કરશે. ખંડેલવાલે કહ્યુ કે દેશભરમાં બધા વાણિજ્યિક બજારો બંધ રહેશે અને બધા રાજ્યોના વિવિધ શહેરોમાં ધરણા પ્રદર્શન આયોજિત કરવામાં આવશે.

ખંડેલવાલે વધુમાં ઉમેર્યુ કે સીએઆઈટી સાથે સાથે દેશભરમાં ૪૦,૦૦૦થી વધુ વેપારીઓના સંગઠન બંધનુ સમર્થન કરશે. તેમણે જોયુ કે સ્વૈચ્છિક અનુપાલ એક સફળ જીએસટી શાસનની કુંજી છે કારણકે વધુ લોકોને અપ્રત્યક્ષ કર પ્રણાલીમાં શામેલ થવા, કર આધાર વધારવા અને મહેસૂલ વધારવા માટે પ્રોત્સાહિત કરશે. ખંડેલવાલે કહ્યુ કે છેલ્લા ચાર વર્ષોમાં જીએસટી નિયમોમાં અત્યાર સુધી લગભગ ૯૫૦ સુધારા કરવામાં આવ્યા છે.

# વાશિમની હોસ્ટેલમાં ૨૩૨ કોરોના આવતા હાહાકાર

**મહારાષ્ટ્રમાં ફરી વખત કોરોનાએ માથું ઊંચક્યું : હોસ્ટેલને કન્ટેન્મેન્ટ ઝોન અને કોરન્ટાઈન કરવામાં આવી**



મુંબઈ, તા. ૨૫

મહારાષ્ટ્રમાં વધુ એક વખત કોરોનાએ માથું ઊંચક્યું છે. દિવસેને દિવસે કોરોનાના કેસોમાં ઉછાળો નોંધાતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. મહારાષ્ટ્રના વાશિમ જિલ્લામાં એક હોસ્પિટલમાં એક સાથે કોરોના બોમ્બ ફૂટ્યો છે અને ૨૩૨ લોકો પોઝિટિવ મળતા હડકંપ મચી ગયો છે. કોરોના સંક્રમિત થયેલા લોકોમાં ૨૨૯ હોસ્ટેલના વિદ્યાર્થીઓ છે તેમજ ત્રણ લોકો સ્ટાફમાંથી (શિક્ષક) હોવાનું જણાયું છે. એક સ્થળેથી જ કોરોનાના નોંધપાત્ર કેસો મળતા સમગ્ર હોસ્ટેલને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યો છે તેમજ હોસ્ટેલને કોરન્ટાઈન કરવામાં આવી છે. અગાઉ લાતૂરમાં એક હોસ્ટેલમાં ૩૯ કોરોના પોઝિટિવ કેસ મળ્યા હતા. વાશિમની હોસ્ટેલમાં અમરાવતી, હિંગોલી, નાંદેડ, વાશિમ, બુલઢાણા, અકોલાથી આવી અભ્યાસ કરતા ૩૨૭ વિદ્યાર્થીઓ રહે છે. આ હોસ્ટેલમાંથી કોરોના સંક્રમિત મળી આવેલા વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના વિદ્યાર્થીઓ અમરાવતી અને યવતમાલના છે. હોસ્ટેલ તેમજ શાળા પરિસરમાં રહેતા અન્ય લોકોના પણ કોરોના ટેસ્ટ હાથ ધરવામાં આવ્યા છે.

# સરહદ પર શાંતિ જાળવવા ભારત અને પાકિસ્તાન વચ્ચે સમજૂતી

**બંને દેશના સૈન્ય અભિયાનોના ડાયરેક્ટર જનરલ વચ્ચે બેઠક, જે કરારો થયેલા છે તેને અમલમાં લાવવા નિર્ણય : લાંબા સમય બાદ ભારત-પાક.ના સબંધો સુધારવા પહેલ**

નવી દિલ્હી, તા. ૨૫

ઘણા લાંબા સમય બાદ ફરી એક વખત ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં સુધારો લાવવા પહેલ થઈ છે. બંને દેશના સૈન્ય અભિયાનોના ડાયરેક્ટર જનરલ વચ્ચે બુધવારે એક બેઠક યોજાઈ હતી. તેમાં આજથી એટલે કે ૨૪-૨૫ ફેબ્રુઆરીની રાતથી જ સમયાંતરે બંને દેશો વચ્ચે જે સમજૂતીઓ થયેલી તેને ફરી અમલમાં લાવવા નક્કી થયું છે.

ભારતીય સેનાના લેફ્ટિનન્ટ જનરલ પરમજીત સિંહ અને તેમના પાકિસ્તાની સમકક્ષે હોટલાઈનના માધ્યમથી થયેલી વાતચીતમાં સીઝફાયરનું ઉલ્લંઘન, યુદ્ધવિરામ, કાશ્મીર મુદ્દો સહિત અનેક બાબતોની સમજૂતી પર ચર્ચા કરી હતી. બંને દેશોએ નિયંત્રણ રેખાની સ્થિતિ અંગે પણ સમીક્ષા કરી હતી. ત્યાર બાદ બંને દેશ દ્વારા સંયુક્ત નિવેદન જાહેર કરવામાં આવ્યું હતું. ભારત-પાકે સંયુક્ત નિવેદનમાં જણાવ્યું કે, બંને દેશો આંતરિક સમજૂતીઓ, કરારો અને સંઘર્ષવિરામના સખ્તાઈથી પાલન માટે રાજી છે. સાથે જ ૨૪ અને ૨૫ ફેબ્રુઆરીની મધ્યરાત્રિથી નિયંત્રણ રેખાના તમામ ક્ષેત્રોમાં તેનું પાલન કરવામાં આવશે. બંને દેશોએ નિયંત્રણ રેખા અને અન્ય તમામ ક્ષેત્રોમાં સ્વતંત્ર, સ્પષ્ટ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સ્થિતિની સમીક્ષા કરી હતી.

Vશાલ
SUPER MARKETની આજ
મધુર ઘી
(૫૦૦ મી.લી.)
રૂ. ૨૨૦/- MRP. ૨૩૦/-
સેક્ટર-૬/કુડાસણ

# મોંઘવારીનો ડબલ ડોઝઃ એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં ૨૫ રૂપિયાનો વધારો

**ફેબ્રુઆરી માસમાં જ ત્રણ વાર એલપીજી સિલિન્ડરનો ભાવ વધ્યો, હવે કિંમત ૭૬૯ રૂપિયાથી વધીને ૭૯૪ રૂપિયા થઇ**

ન્યુ દિલ્હી,તા.૨૫

સરકારી તેલ કંપનીઓએ સામાન્ય માણસને વધુ એક ઝટકો આપ્યો છે. તેલ કંપનીઓએ ઘરેલુ એલપીજી સિલિન્ડરના ભાવમાં વધુ એકવાર વધારો કર્યો છે. જે બાદ સબસિડી વગરના ૧૪.૨ કિલોગ્રામના એલપીજી સિલિન્ડરની કિંમત ૭૬૯ રૂપિયાથી વધીને ૭૯૪ રૂપિયા થઈ ગઈ છે. વધારેલા ભાવ આજે ૨૫ ફેબ્રુઆરીથી લાગુ થઈ જશે. તમને જણાવી દઈએ કે આ મહિને ગેસ સિલિન્ડરની કિંમતોમાં આ ત્રીજીવાર વધારો કરવામાં આવ્યો છે. સબસિડી વગરના ગેસ સિલિન્ડરમાં ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

ફેબ્રુઆરી મહિનામાં ત્રીજીવાર ગેસના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. સરકારે ૪ ફેબ્રુઆરીએ એલપીજીના ભાવમાં ૨૫નો વધારો કર્યો હતો. ત્યાર બાદ ૧૫ ફેબ્રુઆરીના ફરીવાર એલપીજીના ભાવમાં ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો અને હવે આજે ફરીવાર ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

એક ડિસેમ્બરે ગેસ સિલિન્ડરનો ભાવ ૫૯૪ રૂપિયાથી વધીને ૬૪૪ રૂપિયા પર પહોંચી ગયો હતો. ૧ ફેબ્રુઆરીએ ફરીથી ૫૦ રૂપિયાનો વધારો કરવામા આવ્યો હતો. જે બાદ ૬૪૪નો સિલિન્ડર ૬૯૪ રૂપિયા પર પહોંચી ગયો હતો. ૪ ફેબ્રુઆરીના રોજ કરવામા આવેલા વધારાને કારણે તેની કિંમત ૬૪૪થી વધીને ૭૧૯ રૂપિયા થઈ ગઈ હતી.

# ડાયમન્ડ મર્ચન્ટ નીરવ મોદીને ભારતને સોંપવા કોર્ટનો હુકમ

**બ્રિટનની કોર્ટે દોષિત ઠરાવવાના પુરાવાનું કહી નીરવની માનસિક સ્વાસ્થ્યની ચિંતાને લઈ કરાયેલ દલીલને ફગાવી**

લંડન, તા. ૨૫

પંજાબ નેશનલ બેંક સાથે લગભગ બે અબજ ડોલરની છેતરપિંડી કરવાના મામલે વોન્ટેડ ડાયમન્ડ મર્ચન્ટ નીરવ મોદીને ભારતને સોંપવા મામલે બ્રિટિશ કોર્ટે પોતાનો ચુકાદો આપી દીધો છે. લંડનમાં વેસ્ટમિનિસ્ટર મેજિસ્ટ્રેટની કોર્ટમાં જજ સેમ્યુઅલ ગુજીએ કહ્યું કે, હું એ વાતથી સંતુષ્ટ છું કે, તમને દોષી ઠેરવવા માટે પુરતા પુરાવા છે. કોર્ટે એમ પણ કહ્યું કે, નીરવ મોદીએ પુરાવાનો નાશ કરવા અને સાક્ષીઓને ડરાવવાનો પ્રયાસ કર્યો.

બ્રિટનની કોર્ટે નીરવ મોદીની માનસિક સ્વાસ્થ્યની ચિંતાઓને લઈને કરાયેલી દલીલને પણ ફગાવી દીધી. કોર્ટે કહ્યું કે, આવી પરિસ્થિતિમાં તે અસામાન્ય વાત નથી. જજે જણાવ્યું કે, નીરવ મોદીને મુંબઈની આર્થર રોડ જેલમાં પુરતી સારવાર અપાશે અને માનસિક સ્વાસ્થ્યની સંભાળ પણ રાખશે. જજે કહ્યું કે, નીરવ મોદીને ભારત મોકલવા પર આત્મહત્યાનો કોઈ ખતરો નથી કેમકે તેમની પાસે આર્થર રોડ જેલમાં સારવારની પુરતી સુવિધા ઉપલબ્ધ છે.

જોકે, આ ચુકાદા બાદ પણ ભારતીય તપાસ એજન્સીઓ અને નીરવ મોદી પાસે હાઈકોર્ટમાં અપીલ કરવાની તક હશે.